# સુરત ના મે. જયુડી..મેજી.ફ.ક. સાહેબશ્રી (રેલ્વે) ની કોર્ટ માં ,

# મુ. સુરત

ફોજદારી કેસ નં.– ૫૯૫૯ / ૨૦૨૫

આંક નંબર :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ધવલ કનૈયાલાલ રાણા

ગુનો : પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫એ.એ. મુજબ

// જજમેન્ટ //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી આંક– ૧ વાળી ચાર્જસીટ મા જણાવેલ હકીકત મુજબ પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫ એ.એ. મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થતા, તેઓ ને સદર કેસ ના પોલીસપેપર્સ ની નકલો પુરી પાડવા માં આવેલ છે. સદર કામે આરોપી સામે તહોમતનામુ ફરમાવી અને તે અનુસંધાને તેઓ નુ નિવેદન નોઘવા માં આવેલ છે અને તેમા આરોપી એ પોતાની સામે નો ગુના નો એકરાર કરેલ છે. આરોપી એ સદરહુ ગુનો કબુલાત ની પુરસીસ પણ રજુ કરેલ છે.વધુ માં આરોપી તરફે રજુઆત કરેલ છે કે તેઓ ને ગુનો કબુલ છે, તેઓ ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણ પોષણ કરે છે, જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ઘ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સદર કામે આરોપી સામે ના આક્ષેપિત ગુના માં પ્રોહી નો મુદામાલ વીસ લીટર થી ઓછો છે તે હકીકત ધ્યાને લીધી. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો

ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્રપણે માને છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી ના ઓ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૬૪ અન્વયે પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫ એ.એ. મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રુપિયા –૨૫,૦૦૦ (પચીસ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે આરોપી દંડ ન ભરે તો દિન– ૦૬ ( છ દીવસ) ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવા માં આવે છે.

(૨) સદર કામે આરોપી નં.–૧ ક્રિપાલ હોરીલાલ ખટીક તથા આરોપી નં.–૩ અંકિત રામનરેશ યાદવ પુરતો કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાતલમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૩૦–૦૭–૨૦૨૫

સ્થળ– સુરત

( પંકજ રાઠોડ )
જયુડી.મેજી.ફ.ક.(રેલ્વે)સુરત
**કોડ નંબર– જીજે ૦ ૧૪૬૮**

| | |
|---|---|
| RS. | |
| R.NO. | |